ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૦ આસો સુદ ચૌદસ બુધવાર ૧૬ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૮૪ પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

મહારાષ્ટ્ર, ઝારખંડની ચૂંટણીઓ જાહેર: 23 નવે. પરિણામ

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી એક જ તબક્કે 20 નવેમ્બરે

ઝારખંડમાં આ વખતે માત્ર બે તબક્કે 13, 20 નવેમ્બરે ચૂંટણી: 23 નવેમ્બરે બેઉ રાજ્યોમાં મતગણતરી

નવી દિલ્હી, તા. 15 (PTI). ભારતના ચૂંટણી પંચે મંગળવારે જાહેરાત કરી હતી કે, મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી 20 નવેમ્બરે એક જ તબક્કામાં યોજાશે, જ્યારે ઝારખંડની ચૂંટણી 13 અને 20 નવેમ્બરે બે તબક્કામાં યોજાશે. બંને રાજ્યો માટે 23 નવેમ્બરે મત ગણતરી થશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં 9.63 કરોડ પાત્ર મતદારો છે, જ્યારે ઝારખંડમાં લાયક મતદારોની સંખ્યા 2.6 કરોડ છે. સીઈસીએ જણાવ્યું હતું કે, 48 વિધાનસભા બેઠકો અને બે લોકસભા બેઠકો પર પણ પેટા-ચૂંટણી યોજાશે. 47 વિધાનસભા બેઠકો અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા ખાલી કરવામાં આવેલી વાયનાડ લોકસભા બેઠક પર પેટા-ચૂંટણી 13 નવેમ્બરે યોજાશે. ઉત્તરાખંડની કેદારનાથ વિધાનસભા બેઠક અને મહારાષ્ટ્રની નાંદેડ લોકસભા બેઠકની પેટા-ચૂંટણી 20 નવેમ્બરના રોજ યોજાશે. પશ્ચિમ બંગાળની

...અનુસંધાન પાના 5 પર

વાયનાડ, નાંદેડ લોકસભા બેઠકો અને 48 વિધાનસભા બેઠકો માટે પેટા-ચૂંટણીની જાહેરાત

નવી દિલ્હી. ચૂંટણી પંચે મંગળવારે વાયનાડ અને નાંદેડ લોકસભા બેઠકો તેમ જ 48 વિધાનસભા બેઠકોની પેટા-ચૂંટણીની જાહેરાત કરી હતી. પશ્ચિમ બંગાળની બસીરહાટ લોકસભા બેઠક અને ઉત્તર પ્રદેશની મિલ્કીપુર વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણીની જાહેરાત કરવામાં આવી ન હતી. કારણ કે, અગાઉ બેઠકો જીતી ચૂકેલા ઉમેદવારો સામે સંબંધિત હાઈકોર્ટમાં ચૂંટણી અરજીઓ પેન્ડિંગ છે. વાયનાડ સંસદીય બેઠક અને 47 વિધાનસભા બેઠકોની પેટા-ચૂંટણી 13 નવેમ્બરે ઝારખંડ વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીઓ સાથે યોજાશે. નાંદેડ લોકસભા સીટ અને કેદારનાથ વિધાનસભા મતવિસ્તારની પેટા-ચૂંટણી 20 નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી અને ઝારખંડ ચૂંટણીના બીજા તબક્કાની સાથે યોજાશે. વાયનાડ લોકસભા બેઠક કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ખાલી કરી હતી. કારણ કે, તેમણે રાયબરેલી બેઠક રાખવાનું પસંદ કર્યું હતું. નાંદેડ લોકસભા સીટ તાજેતરમાં સાંસદ વસંત ચવ્હાણના અવસાન બાદ ખાલી પડી હતી. એ જ રીતે, બસીરહાટ લોકસભા સીટના ટીએમસી સાંસદ હાજી શેખ નૂરલ ઇસ્લામનું થોડા દિવસો પહેલા અવસાન થયું હતું.

પ્રિયંકા ગાંધી વાયનાડથી ચૂંટણી મેદાનમાં ઊતરશે

નવી દિલ્હી. કોંગ્રેસે મંગળવારે જાહેરાત કરી હતી કે, તેના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા આવતા મહિને વાયનાડ લોકસભાની પેટા-ચૂંટણી લડશે, કેરળની આ બેઠક પરથી તેમની ચૂંટણી યાત્રાનો આરંભ કરશે. પ્રિયંકાએ તેના ભાઈ રાહુલ ગાંધી માટે પ્રચાર કર્યો હતો, જેઓ સામાન્ય ચૂંટણી દરમિયાન રાયબરેલી લોકસભા મતવિસ્તાર સિવાય આ સીટ પરથી લડ્યા હતા. રાહુલ ગાંધીએ બંને બેઠકો જીતી હતી, પરંતુ વાયનાડ ખાલી કરી હતી. પાર્ટીએ એક સત્તાવાર રિલીઝમાં જણાવ્યું હતું કે, ''કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કેરળની લોકસભા પેટા-ચૂંટણી માટે પ્રિયંકા ગાંધી વાડ્રાને પાર્ટીના ઉમેદવાર તરીકે નામાંકિત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.'' છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી લડવા આતુર પ્રિયંકા ગાંધી માટે આ ચૂંટણીલક્ષી પદાર્પણ હશે.

ચેન્નાઈ-બેંગલુરુમાં ભારે વરસાદ

તમિલનાડુ-કર્ણાટકના ઘણા ભાગોમાં જનજીવન અસ્તવ્યસ્ત, ફ્લાઈટ્સ રદ

ચેન્નાઈ/બેંગલુરુ તા. 15 (PTI). મંગળવારે ચેન્નઈ અને તમિલનાડુના અન્ય ભાગોમાં વ્યાપક ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે રહેણાક વિસ્તારો અને રસ્તાઓ પર ઘૂંટણિયે સુધી પાણી ભરાઈ ગયા હતા અને જાહેર પરિવહન સેવાઓને અસર થઈ હતી અને ઠેર-ઠેર ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં બસ સેવાઓને અસર થઈ હતી, ત્યારે પાણી ભરાવાને કારણે સધર્ન રેલવેએ ચેન્નાઈ સેન્ટ્રલ-મૈસુર કાવેરી એક્સપ્રેસ સહિત ચાર એક્સપ્રેસ ટ્રેનોને રદ કરવાની જાહેરાત કરી હતી. પર્યાપ્ત સંખ્યામાં મુસાફરો સેવાઓનો લાભ લેવા માટે આવ્યા ન હોવાથી ઘણી સ્થાનિક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. ભારતીય હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે દિવસ વધુ વરસાદની આગાહી કરી છે. એક બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે, 16 ઓક્ટોબરના રોજ, તિરુવલ્લુર, કાંચીપુરમ, ચેંગલપટ્ટુ અને ચેન્નાઈ જિલ્લામાં એક અથવા બે સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

આ તરફ મંગળવારની શરૂઆતથી અવિરત વરસાદને કારણે કર્ણાટકના મધ્ય અને દક્ષિણ ભાગોમાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે, જેમાં રાજ્યની રાજધાની બેંગલુરુનો સમાવેશ થાય છે, જ્યાં ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા અને ટ્રાફિકની સ્થિતિ જોવા મળી હતી. ધોધમાર વરસાદને કારણે વાહનચાલકોને શહેરમાં ઠેર-ઠેર ટ્રાફિકજામનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે વર્થુર, હેબ્બલ, કડુબીસનહલ્લી અને આસપાસના વિસ્તારોમાં ઘણા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. આઉટર રિંગ રોડ (ઓઆરઆર) પર માન્યતા ટેક પાર્ક અને સરજાપુર જેવા ટેક હબ જેવી મોટી ટેક્નોલોજી કંપનીઓના રહેઠાણ વિસ્તારો પ્રભાવિત થયા હતા.

વિપક્ષે સંસદમાં પૂછ્યું, શું ઈડી જેવી એજન્સીઓ નાણા કે ગૃહ મંત્રાલયને રિપોર્ટ કરે છે?

વિપક્ષ સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને આવકવેરા વિભાગને હથિયાર બનાવવાનો સરકાર પર આરોપ લગાવતાં કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે નાણામંત્રી નિર્મલા સીતારમણને પૂછ્યું કે, શું ઉપરોક્ત એજન્સીઓ નાણા મંત્રાલય અથવા ગૃહ મંત્રાલયને રિપોર્ટ કરે છે? સંસદના બજેટ સત્ર દરમિયાન સામાન્ય બજેટ પર ચર્ચામાં ભાગ લેતી વખતે સિંહે આ મુદ્દો ઉઠાવ્યો હતો. હાસ્યપ્રદ રીતે હસ્તક્ષેપ કરતાં રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનકરે જણાવ્યું હતું કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના ભૂતપૂર્વ અધ્યક્ષ (રાજ્યસભાના સેક્રેટરી જનરલ પીસી મોદીનો ઉલ્લેખ કરીને), જોકે, તેમને રિપોર્ટ કરે છે. જવાબમાં, તે પણ હળવા અંદાજમાં સિંહે કહ્યું કે, તેઓ (મોદી) 'સાચો' રિપોર્ટ કરી રહ્યા છે. ગંભીર મુદ્દાઓને ટ્રેઝરી બેન્ચ અથવા સરકાર સુધી હળવા અને વધુ અસરકારક રીતે પહોંચાડવાની આ કળા સંસદીય કાર્યવાહી અને સભ્યોના વર્તનમાંથી ધીમે-ધીમે અદૃશ્ય થઈ ગઈ છે. સંસદ અને શાસક પક્ષના કડવા અને બદલાના વાતાવરણમાં આ નાનો ઘટનાક્રમ આવકારદાયક પરિવર્તન હતું. વિપક્ષ આ સંસ્કૃતિને નિષ્ઠાપૂર્વક અનુસરી રહ્યો છે.

...અનુસંધાન પાના 5 પર

ભારત-કેનેડાના સંબંધો વકર્યા: ભારત પર પ્રતિબંધની ધમકી

ટ્રુડોએ કહ્યું તેમની પાસે બિશ્નોઈ ગેંગ સાથે ભારતીય એજન્ટોની સંડોવણીના સ્પષ્ટ પુરાવા કેનેડાના વિદેશ પ્રધાને પ્રતિબંધનો ઈશારો કરતા કહ્યું બધું જ ટેબલ પર છે

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): શીખ અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા અંગે ભારત-કેનેડાનો રાજદ્વારી વિવાદ મંગળવારે વધુ વકર્યો અને ઓટ્ટાવાએ આ કેસમાં કેટલીક નવી માહિતીઓને જોતા ભારત વિરુદ્ધ સંભવિત પ્રતિબંધો અંગે સંકેત આપ્યો હતો જ્યારે નવી દિલ્હીએ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા. **કેનેડાના વિદેશ પ્રધાને પ્રતિબંધનો ઈશારો કરતા કહ્યું બધું જ ટેબલ પર છે**

કેનેડિયન સત્તાવાળાઓએ કેનેડામાં હિંસક ગુનાહિત પ્રવૃતિઓ સહિત ગુપ્ત ઓપરેશન કરવામાં બિશ્નોઈ ગેંગને ભારતીય સરકારી એજન્ટો સાથે જોડવાનો પ્રયાસ પણ કર્યો હતો અને આરોપોને સમર્થન આપવા માટે સ્પષ્ટ પુરાવા હોવાનો દાવો કર્યો હતો. બંને દેશો વચ્ચેના સંબંધો નીચલી સપાટીએ પહોંચ્યા છે ત્યારે કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ ભારત સામે પ્રતિબંધો લાદવાનો ઇનકાર કર્યો ન હતો અને કહ્યું હતું અમારી પાસે બધાં વિકલ્પો ખુલ્લા છે. ટ્રુડોએ કહ્યું હતું કે કેનેડાની

...અનુસંધાન પાના 5 પર

ભારતે કેનેડાના આરોપો નકારી કાઢ્યા

બીજી બાજુ ભારતે કેનેડાના ભારતીય એજન્ટોને તે દેશમાં ગુનાહિત ગેંગ સાથે જોડવાના પ્રયાસોને ફગાવી દીધા હતા અને સત્તાવાર સ્રોતોએ ઓટ્ટાવાના દાવાને નકારી કાઢ્યો હતો કે તેણે નિજ્જર કેસમાં નવી દિલ્હીને પુરાવા આપ્યા હતા. સૂત્રોએ કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોના આરોપોને પણ નકારી કાઢ્યા હતા કે ભારત તેમના દેશમાં કેનેડિયન નાગરિકોને લક્ષ્ય કરતી છુપી કામગીરીઓ કરવા સહિતની પ્રવૃત્તિઓમાં સામેલ છે. સૂત્રએ કહ્યું હતું કે

...અનુસંધાન પાના 5 પર

કેનેડાના નાગરિકની હત્યાથી સંબંધિત માહિતી ફાઈવ આઈઝ દેશોને આપી: ટ્રુડો

વોશિંગ્ટન. વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે કેનેડાએ તેના ફાઇવ આઇઝ ભાગીદારો, ખાસ કરીને અમેરિકાને, ગયા વર્ષે કેનેડિયન નાગરિકની હત્યામાં ભારતીય અધિકારીઓની સંડોવણીના આરોપો સાથે સંબંધિત તમામ માહિતી આપી છે. ટ્રુડોએ કહ્યું, 'શરૂઆતથી અમે અમારા ફાઇવ આઇઝ ભાગીદારો સાથે નજીકથી કામ કર્યું છે, ખાસ કરીને અમેરિકા સાથે, જ્યાં હત્યાના પ્રયાસના સંદર્ભમાં ભારત તરફથી સમાન વર્તન કરવામાં આવ્યું હતું.' અમે કાયદાના શાસન માટે એકસાથે ઊભા રહીશું તેમ અમે અમારા સહયોગીઓ સાથે કામ કરવાનું ચાલુ રાખીશું, એમ તેમણે કહ્યું હતું. અમેરિકી વિદેશ મંત્રાલયે હજુ સુધી તેના બે નજીકના સાથી અને ભાગીદારો વચ્ચે રાજદ્વારી સંકટ પર કોઈ નિવેદન આપ્યું નથી. વિદેશ મંત્રાલયે (એમઈએ) એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારત વિરુદ્ધ ઉગ્રવાદ, હિંસા અને અલગતાવાદને ટ્રુડો સરકારના સમર્થનના જવાબમાં ભારત આગળ પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે. મંત્રાલયે કહ્યું કે લાંબા સમયથી દેખાઈ રહ્યું છે ટ્રુડોની ભારત પ્રત્યેની દુશ્મનાવટ છે. ભારત સાથે ચાલી રહેલા રાજદ્વારી વિવાદને પગલે બ્રિટિશ વડા પ્રધાન કેર સ્ટારમર તેમના કેનેડિયન સમકક્ષ જસ્ટિન ટ્રુડો સાથે ફોન પર વાતચીત દરમિયાન 'કાયદાના

...અનુસંધાન પાના 5 પર

ભારતે અમેરિકા સાથે પ્રિડેટર ડ્રોનનો મોટો સોદો કર્યો

4 બિલિયન ડોલરના ખર્ચે 31 ડ્રોન ખરીદાશે, નૌકાદળને 15 'સી ગાર્ડિયન' ડ્રોન મળશે, જ્યારે ભારતીય વાયુસેના અને સૈન્યને આઠ 'સ્કાય ગાર્ડિયન' ડ્રોન મળશે

નવી દિલ્હી, તા. 15 (PTI): ભારતે મંગળવારે અમેરિકાની મોટી સંરક્ષણ કંપની જનરલ એટોમિક્સ પાસેથી લગભગ 4 બિલિયન ડોલરના ખર્ચે 31 પ્રિડેટર લોંગ-એન્ડ્યોરન્સ ડ્રોન ખરીદવા માટે અમેરિકા સાથે એક મેગા ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા, ચીન સાથેની સરહદો પર ભારતીય સૈન્યની લડાયક શક્તિને વધારવા આ ડ્રોન ખરીદવામાં આવી રહ્યા છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં ભારતના ટોચના સંરક્ષણ અને વ્યૂહાત્મક અધિકારીઓની હાજરીમાં કરાયેલો આ સોદો બંને દેશો વચ્ચેના સૈન્ય સંબંધોમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે, એમ અધિકારીઓએ પીટીઆઈને જણાવ્યું હતું. અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા ડ્રોનની ખરીદીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. મુખ્ય કરાર ઉપરાંત, સંરક્ષણ મંત્રાલય અને જનરલ એટોમિક્સ ગ્લોબલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે ભારતમાં ડેપો-લેવલ મેઈન્ટેનન્સ, સમારકામ અને સુધારા માટે એક અલગ કરાર પણ કરવામાં આવ્યો હતો. ગયા અઠવાડિયે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીએ (સીસીએસ) એમક્યુ-9બી 'હન્ટર કિલર' ડ્રોનની ખરીદીને મંજૂરી આપી હતી. એમક્યુ-9બી ડ્રોન એ એમક્યુ-9 'રીપર'નો એક પ્રકાર છે જેનો ઉપયોગ સુધારેલી હેલફાયર મિસાઈલને લોન્ચ કરવા માટે કરવામાં આવ્યો હતો જેણે

...અનુસંધાન પાના 5 પર

સાત ફ્લાઈટ્સને બોમ્બની ધમકી મળી, જો કે તે ખોટી સાબિત થઈ હતી

એર ઈન્ડિયાની ફ્લાઇટને કેનેડા વાળવી પડી, આ તમામ ફ્લાઈટ્સને નજીકના એરપોર્ટ પર ડાયવર્ટ કરીને સુરક્ષિત રીતે લેન્ડિંગ કરાવવામા આવી હતી

નવી દિલ્હી, તા. 15 (PTI): અમેરિકા માટે જતા એક વિમાન સહિત સાત ફ્લાઇટ્સને મંગળવારે સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા બોમ્બ હોવાની ધમકીના સંદેશ મળ્યા હતા, જેના પગલે સુરક્ષા એજન્સીઓએ વિવિધ એરપોર્ટ પર ત્રાસવાદ વિરોધી કવાયત હાથ ધરી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એક્સ મારફતે ધમકીઓ મળી તેના કારણે સેંકડો મુસાફરો અને એરલાઈન ક્રૂને મુશ્કેલી પડી હતી. તેના એક દિવસ પહેલાં મુંબઈથી ઉપડતી ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટને બોમ્બની ધમકીઓ મળી હતી જો કે તે બધી જ ખોટી સાબિત થઈ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે એક્સ હેન્ડલ મારફતે મંગળવારે સાત ફ્લાઈટને ધમકી આપી હતી, જયપુરથી બેંગલુરુ વાયા અયોધ્યાની એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ, સ્પાઈસ જેટની દરભંગાથી મુંબઈની ફ્લાઈટ, બાગડોગરાથી બેંગલુરુની આકાસા એરની ફ્લાઈટ, એર ઈન્ડિયાની દિલ્હીથી શિકાગોની ફ્લાઈટ, દમ્મામથી (સાઉદી

...અનુસંધાન પાના 5 પર

એક્ઝિટ પોલ્સ પર મીડિયાએ આત્મનિરીક્ષણ કરવાની જરૂર: મુખ્ય ચૂંટણી કમિશનર

મતગણતરીના દિવસે શરૂઆતી વલણો આપવા તે બકવાસ છે, સવારે 8.30 વાગતા પહેલાં પરીણામો આવવા અશક્ય

નવી દિલ્હી, તા. 15 (PTI): મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મંગળવારે સમાચાર ચેનલો દ્વારા મત ગણતરીના દિવસે શરૂઆતી વલણો બતાવવાની પ્રથાને 'બકવાસ' ગણાવી હતી. અહીં એક પત્રકાર પરીષદને સંબોધતા રાજીવ કુમારે એમ પણ કહ્યું હતું કે એક્ઝિટ પોલ અપેક્ષાઓ વધારીને ભારે વિક્ષેપ

...અનુસંધાન પાના 5 પર

EVM હેકિંગના આરોપો બાદ હવે બેટરી પર સવાલ: સીઈસી આશ્ચર્યચકિત છે કે, આગામી આરોપ શું હશે

નવી દિલ્હી. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મંગળવારે કોંગ્રેસના નેતાઓના એ દાવાઓને ફગાવી દીધા હતા જેમાં હરિયાણાની કેટલીક બેઠકોમાં ઈવીએમ સાથે કથિત ચેડાં કરવામાં આવ્યાની વાત કહેવામાં આવી હતી, જ્યાં વિવિધ બેટરી શક્તિવાળા

...અનુસંધાન પાના 5 પર

'કુછ તો લોગ કહેંગે': ચૂંટણીમાં ગેરરીતિના આરોપો પર CEO

નવી દિલ્હી. 'કુછ તો લોગ કહેંગે, લોગોં કા કામ હૈ કહેના' - આ પ્રતિક્રિયા મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) રાજીવ કુમારે મંગળવારે આપી હતી, જ્યારે તાજેતરમાં પૂર્ણ થયેલ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં મતદાન પ્રક્રિયામાં અનિયમितતાના

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૫-૧૦-૨૦૨૪નું સુરત શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૫.૦° સે.	૨૫.૮° સે.	૬૯%